ગુજરાત આનામાળા સીરીઝ ૮ મી.

कोटश्च पाटलुणंच मूखं चिरुटं मेवच्च ।
हस्तस्य स्टिक पकडंत ढिचण पर्यंत धोतरम् ॥

કેશવ હ. શેઠ.

રમૂજ-ગીતમાળા.

યોજક અને પ્રકાશક,

ગોર અંબાલાલ છગનલાલ

શીકા, (સ્ટેટ ઇડર–મહીકાંઠા)

સંસારદર્શન, વિનોદિની, કમલીની, રાણી દુર્ગાવતી, સવિતા
સુશીલા, વિગેરેના કર્તા અને કેટલાક માસીકોના લેખક.

વિક્રમાબ્દ ૧૯૭૫. પ્રત ૧૦૦૦. ખ્રિસ્તાબ્દ ૧૯૧૯.

કીંમત { ગ્રાહકો માટે એક આનો.
છુટક નકલનો દોઢ આનો.

વિનંતિ પત્ર.

રમૂજકી બાત ન્યારી હૈ. ઐસે રમૂજી દો પુસ્તક અપને ટેબલ પર હોવે તબ અપના મગજ આનંદમેં રહેવે.

ઠીક—અબ ? ધક્કાજી મૂક્કાજી એ નામ પ્રસિદ્ધ છે. એમની ગાયન વાદન શાળામાં ફક્ત બે તબલા સારંગી, અને ફીડલ સિવાયનો બધો દેખાવ સાદોજ છે નાટક, ઓપેરા કંપનીઓએ જ્યારે દુનિયાં ઉપર રોફફ માર્યો તો હું કેમ ન મારી શકું ? આ સંસાર ચક્રમાં મ્હારે ઘણી વખત ધક્કા-મૂક્કીમાં ઉતરવું પડે છે. અને એવી કમબ્ક્તીઓ છતાં તેમજ મ્હારા બહેરાપણા છતાં હું સાદાઈમાંજ મારૂં જીવન, ધૈર્યથી પૂરૂં કરૂં છું. આપ સર્વે ગ્રાહકો મને બહેરા લેખકને જે કીંમતી મદદ આપો છો તો આપનો પરમ કૃતાર્થ છું.—

વિ. વિ. આ નિચેનાં સંગીતોમાં આપને જે કંઈ યોગ્ય જણાય તે ગાઇ લ્યો, બસ ? તાલ ઠેકકો દાદરો વીગેરે કોઇ પણ શરોદોમાં ગવાય છે.

વસંત પંચમી.	આપનો સ્નેહાધીન, **ગોર અંબાલાલ છગનલાલ.**
વડાગામ (મહિકાંઠા)	શીકા (સ્ટેટ ઇડર—મહિકાંઠા.)

રમૂજ-ગીતમાળા.

શેઠ્ઠઠઠઠઠ, ધક્કાજી મૂક્કાજીની ગાયન વાદન
શાળામાં ગવાતાં ગીત, પદ અને ઠેકકાઓ-

મેં તો રસ બસ ખેલુંગી હોળી,
હોળી,— હોળી,— હોળી,—

પૂરૂષ મટી કે બન જાઉં બૈયાં, પ્હેરૂંગી ઘાઘર ચોળી,
નાચૂંજી મેં તો થનનન થૈયં ખૂશ હો જાય સબ ટોળી.
એસી મેરી હોળી— હોળી— હોળી—૧

મૃદંગ છોડકેડફ્ફ બજાવું ને ગાંજો પીઉં ઘોળી ઘોળી,
ચિત્ર વિચિત્ર વેશ બનાવું જાણે કાગ વાઘકી ટોળી;
એસી મેરી, હોળી— હોળી— હોળી—૨

ધુળ ઉડાવું ને મૂતર છાંટુ, રાખ દઉ રગદોળી,
ખૂશ હો જાઓ મેરે, ખુશ ખુશ ભૈયાં;
નહિ તો મારૂં કાદવકી ગોળી—
ગોળી— ગોળી— ગોળી—
એસી મેરી હોળી— હોળી— હોળી—
મેં તો.

(ગીત ૨ જું)

—નમસ્કારનો મંત્ર—

નમસ્કૃત્યે, નમસ્કૃત્યે, નમસ્કૃત્યે ચ સાહેબમ્
કારણું કે સાહ્યબાચી સ્ટીક મધ્યે રહંતાંમ્
ગ્રેટપાવરમ્ ॥ ૧ ॥

(ગીત ૩ જું.)

હનમાન ઘર માંહી હડીયો કરે,
ત્યાંતો કેવી રીતે બેટા બાઉ બને ?

ઘંટીના ગાળાને બંટીના ફાકા;
ત્યાં કેવી રીતે બેટા બાઉ બને ?

હનુમાન—

(ગીત ૪ થું.)

અલ્યા અમદાવાદ હું જયો તો. (રાગ.)

* * *

ત્યાંતો જોઇ જોઇ ડંગ હું થ્યો તો,
અલ્યા અમદાવાદ હું જયો તો.
ખુબ ખુશ ખુશ થઇ ભમ્યો તો,
અલ્યા અમદાવાદ હું જયો તો. ૧

*

ગુજરીમાં ગાજરને મૂળો ખાધો તો,
અલ્યા અમદાવાદ હું જયો તો.
ત્યાંતો તરતજ તરસ્યો થતો તો,
અલ્યા અમદાવાદ હું જયો તો. ૨

*

પાંણીનો નળ મેં ખુબ તાંણ્યો તો,
અલ્યા અમદાવાદ હું જયો તો.
પાંણી વગર રોઈ રોઈ જયો તો,
અલ્યા અમદાવાદ હું જયો તો. ૩

* * *

એક ગટરમાં પાંણી પી તરપત થ્યો તો,
અલ્યા અમદાવાદ હું જયો તો.
એક શેઠીયાએ મને દીઠો તો,
અલ્યા અમદાવાદ હું જયો તો. ૪

* * *

અલ્યા ? મૂરખ એ પાંણી પીવાય ?
એમ કહી મને ખુબ ઠોક્યો તો.
અલ્યા અમદાવાદ હું જયો તો.
ત્યાં તો જોઇ જોઇ ડંગ હું થયો તો. ૫

* * *

માંણુકચોકમાં ભૂલો પડયો તો ?
એક મશીદમાં જઇ ચઢયો તો;
ત્યાં મીયાંનો માર ખાધો તો,
અલ્યા અમદાવાદ હું જયો તો. ૬

* * *

અલ્યા ગાડીની ડફ્રેટમાં આયો તો,
ત્યાંથી અસ્પટાલમાં જયો તા.
મને મખમલને પાટે બાંધ્યો તો,
અલ્યા અમદાવાદ હું જયો તા. ૭

* * *

દહુ દહાડે હું હાજો થયો તો,
અલ્યા અમદાવાદ હું જયો તો.
ડાકટરે ધક્કો મારી કાઢયો તો.
અલ્યા અમદાવાદ હું જયો તો. ૮

* * *

પરભાર્યાં પ્રસ્ટેશણુ પર જયો તો,
ટીકટ વગર ગાડીમાં પેંઠો તો.
ત્યાં માસ્તરનો માર ખાધો તો,
અલ્યા અમદાવાદ હું જયો તો. ૯

* * *

ઝટપટ ઘર ભેળો હું થયો તો,
છોરે કીધુ બાપા તૂં ચ્યાં જયો તો.
હું બોલીશ તો થાહે ફજેતો;
એમ જાણી હ્યા, ગુપ ચુપર્યો તો. ૧૦

* * *

અલ્યા અમદાવાદ હું જયો તો,
ત્યાં તો જોઈ જોઈ ડંગ હું થયો તો.
ગુજરીમાં ગાજરને મૂળો ખાધો તો,
અલ્યા અમદાવાદ હું જયો તો. ૧૧

(ગીત ૫ મું.)

મરાઠી ઠુંમ્મરી.

જય નારાયણ–હરીનારાયણ,
જય ગોવર્ધન હરી હરા;
જય વિઠ્ઠોબા હરી હરી,
પૂંઢરી ડુંગળી હરી હરી.
રીરીરી ઇઇઇ હોહોહો ? ૧
કાંદેચી ભાજી હરી હરી,
ખાઉ ન આલે હરી હરી;
ભજ ગોવિંદા હરી હરી,
તડાક તૂંબા હરી હરી. ૨
કાંદે વાડીત ગેલે હરી હરી,
સોડેચી બાટલી હરી હરી;

ઘેઉ ન ઘેતલી હરી હરી,
ફડાક ફોડલી હરી હરી. ૩

* * *

તડાક તૂટલી હરી હરી,
ગોળી સૂટલી હરી હરી;
તોન્ડાત લાગલી હરી હરી,
હાય, પરમેશ્વરા હરી હરી.

રીરીરી— ઇઇઇ— હોહોહો— ઓઓઓ ?

* * *

ઓય દાદારે ઓય બાપારે
ઓય આઇરે ઓય માઇરે
લોહી નીગલે કાય કરૂ ન ?

રીરીરી— ઇઇઇ— હોહોહો ?

જય નારાયણ.

(ગીત ૬ ઠું.)

ગપ્પાષ્ટકં એવ ગપ્પાષ્ટકંમ્
હનુમંત એ તત્વ રામાયણમ્

* * *

હોટીલ મધ્યે ચાહા પિબતંમ્
હિંદુ મુસલમીનને પ્રિસ્તમ્
ગપ્પાષ્ટકં કિમ્ ગપ્પાષ્ટકમ્
ધેટ ઇઝ એ નોટ ગપાષ્ટકમ્ ૧

* * *

ધૂપદીપ નૈવેદ્યાં ચીરૂટમ્
નૈવદ્યમાં ચાલતં બિસ્કુટમ્
ગપાષ્ટકં કિંમ્ ગપ્પાષ્ટકમ્
ધેટ ઇઝ એ સચ્ચ સચ્ચાષ્ટકમ્ ૨

* * *

અરબી મૂસલમીનને તૂર્કતમ્
અનાર્ય ભાષા ચલી ચાલતમ્
ધેટ ઇઝ કૈસા ગપ્પાષ્ટકમ્
ધેટ ઇઝ એ સચ્ચ સચ્ચાષ્ટકમ્ ૩

* * *

વૈષ્ણવ ધર્મ ક્રોર મૂર્તિ મંડણમ્
આર્યસમાજ ક્રોર મૂર્તિ ખંડણમ્
ગપ્પાષ્ટકં કિંમ્ ગપાષ્ટકમ્
હનૂમંત એ તત્વ રામાયણમ્ ૪

* * *

હરામકે દ્રવ્ય મીલ જાવે તો
ચપ ચપ ચપ્પા ચપાષ્ટકમ્
મફત કેરેલ મેં બેઠ જાવે તો
ઝપ ઝપ ઝપ્પા ઝપાષ્ટકમ્ ૫

* * *

મફતકે દોસ્તોકી બડીબડી બાતાં
ગપ ગપ ગપ્પા ગપાષ્ટકમ્
ગપાષ્ટકંમ્ કિંમ્ ગપાષ્ટકમ્
ઇટ ઇઝ એ સચ સચાષ્ટકમ્ ૬

* * *

સમ સીટ્રસ આર ઓન હોસ ઉપરમ્
સમ યૂસીઝટુ ગર્દભં ગર્દભમ્

*

કેટલાક બેસતં ઘોડા ઉપરમ્
કિતનેકસે ચાલતાં ગર્દભમ્
ઇટ ઇઝ કેસા ગપાષ્ટકંમ્
ઘેટ ઇઝ એ સચ્ચ સચાષ્ટકમ્ ૭

* * *

ટોપી મધ્યે રહેતાં મસ્તકમ્
પાટલૂનમેં કોન પહેરતં ધોતરમ્

* *

નવા જમાનામાં નવાં નાટકમ્
સીનેમેટમેં ચૂંબના ચૂંબનમ્
* * *
ઈટ ઇઝ એ નવું ફેશ ને બલં
ગપ્પાષ્ટકમ્ કિમ ગપાષ્ટકમ્
હનુમંત એ તત્વ રામાયણમ્

(ગીત ૭ મું.)

શેઠજીની શેઠાઇ.

રાંડી રાંડનો તનુજ કહે થઇ રાજી રાજી,
માજી હું ગયો નજીક શેઠજીની મેડીના;
હરખની વાત માત શી કહુ જો આજ તણી,
છોકરા છ સાત સાથે હતા મારી હેડીના;
એવે સમે નગરના શેઠજી હવેલીમાંથી,
આવીને ઉભા નજીક બારીની કઠેડીના;
પછી મને આપો આપ શેઠજીએ બોલાવીઓ;
કહ્યું, જા, જઇને કુતરાં હાંકયરે ગપેડીના.

(કવિ દલપતરામ.)

(ગીત ૮ મું.)

(મારવાડી ઠેકકો).

મૂંતો મારવાડરો બનાયોરે ?
મુબે શહેર સુ આયો.
મૂબે દેખો, પૂના પેખો, કલકત્તા ફીર
આયો.— મૂતો મારવાડરો—
મારવાડસે નિકયો જબતો નહિથો પાઉમેં જૂતો.
ઘાસલેટ રીફેરી કરકે પાંજરા પોળમેં સૂતો
મૂતો મારવાડરો—
વ્યાજ વટારો ઘંધો કરકે પૈસા પાંચ કમાયો,
આધી આધી જમે કરીને લાડુીજીકો લાયો;
મૂંતો મારવાડરો—
(ફોનોગ્રાફમાંથી.)

(ગીત ૯ મું.)

ગુજરાતી પદ.

ઠગ ભગતની વાતો.

ભગત ભગતની વાતો એવી,
ઠગત જગત એ હાચોસે;
ડુંગળી ખાય એ હાચોસે,
મારે ડંગ એ હાચોસે.

* * *

ધોળુ તાંણુ જે ટીલુ એતો,
કાચો સે ભાઇ કાચો છે !
હેતરમાં જઇ રાંગણાં ચોરે,
હાચો સે ભાઇ હાચો છે ?

* * *

ઓડ હઠ્ઠ તીરથની જાતરા કરીને;
આવે પાછો એ કાચોસે.
ગંગામાં જઈ માંછલૂ મારે,
હાચોસે ભાઇ હાચોસે.
એવી ભગતની વાતોસે,
ડગ ભગતની વાતોસે;
બગ ભગતની વાતોસે.

* * *

વાતોસે વાતોસે વાતોસે
સે સે સે
ઇઇઇ ઇઇઇ ઇઇઇ

* * *

મોંઢે ન બોલૂં હું તો હાથે ન ચીંધું,
મારા ભાયલા હો એ એ ?
ખાડામાં સે ખદબદીયું.

(બોધવચન)

એક જંજાળી જીવડાની તૃષ્ણાનું પ્રાબલ્ય.

ગુરૂરાજ મારા ઘડપણમાં ગોવિંદ ગુણ ગાશું,
હમણાં નથી નવરાશું—ટેક-રાગ.
મોટો છોકરો વિલાયત ગયો છે, ન્હાનો છોકરો જુગારી થયો છે;
એવો ઘમરોળ મચી રહ્યો છે—ગુરૂરાજ મારા. ૧
સાઠ લાખની પુંજીમાં શું કરીએ, સાઠ અબજ જ્યારે ઘેર ભરીએ;
ત્યારે કાંઈક શાંતિ મનમાં ધરીએ—ગુરૂરાજ મારા. ૨
યુરોપ આફ્રીકા સુધી વિચરશું, આસ્ટ્રેલીયાનું સોનું સંઘરશું;
અમેરિકાની લક્ષ્મી લાવી ભરશું—ગુરૂરાજ મારા. ૩
હજી થાશું હજાર મીલવાળા, હજુ બાંધવા છે બારસે માળા;
તેમાં ક્યાંથી ફેરવીએ માળા—ગુરૂરાજ મારા. ૪
નાત જાતના સુધારા કરવા છે, હજી કઈકનાં ભુંડાં કરવાં છે;
કોની અમારે પરવા છે—ગુરૂરાજ મારા. ૫
થઇ સાઠ વર્ષની ઉમર અમારી, તે શું આંખે ચડી છે ત્હમારી;
હજી પરણવી છે નવી નારી—ગુરૂરાજ મારા. ૬
નાત જાતના કરશું સુધારા, હજુ થાશું અબજ મનવાળાં;
પછી સુખે ફેરવશું માળા—ગુરૂરાજ મારા. ૭
કરજોડી કવિજન કહે છે, જે જન તૃષ્ણા નદી તરે છે;
તે મોક્ષપુરીને વરે છે—ગુરૂરાજ મારા. ૮

(ભજન પદ સંગ્રહ.)

ધી ગુજરાતી પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.
પાંચકુવા, ચાર રસ્તા—અમદાવાદ.